અપીલ અરજી નં.૧૫૪/ ૦૮–૦૯ તા.૪–૯–૦૮

અરજદારઃ શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા. સર્વિસ સોસા.
સામાવાળાઃ (૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
(૨) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા. સર્વિસ સોસા.ની તા.૧૫–૭–૦૮ની અરજીથી પ્લોટ નં.૨ અને ૪ જે નકશામાં લાલ કલરથી દર્શાવેલના એપ્રુવ પ્લાન અને લેઆઉટ મુજબ સદર પ્લોટના ટેક્ષપેયરની કોપી,કટબુકની કોપી,દાખલ નામ અને સરનામા અને ટેનામેન્ટ નંબર રીકવીઝેશન એસેસમેન્ટ નકલ,ખાસ નોટિસ,તેના માપો વિ. મુદ્દા નં.૧ થી ૭ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૪/૨૦૦૮–૦૯

શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા. સર્વિસ સોસા.ની તા.૧૫–૭–૦૮ની અરજીથી પ્લોટ નં.૨ અને ૪ જે નકશામાં લાલ કલરથી દર્શાવેલ ના એપ્રુવ પ્લાન અને લેઆઉટ મુજબ સદર પ્લોટના ટેક્ષપેયરની કોપી,કટબુકની કોપી,દાખલ નામ અને સરનામા અને ટેનામેન્ટ નંબર ,રીકવીઝેશન એસેસમેન્ટ નકલ,ખાસ નોટિસ,તેના માપો વિ. મુદ્દા નં.૧ થી ૭ની માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૨ તા.૧૦–૯–૦૮થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા ડાયરેકટર ઓફ પલાનીંગ અને જાહેર માહિતી અધિકારી તેમજ અરજદારને પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને નં.ટીડીઓ/૨૬૮૧ તા.૧૮–૯–૦૮ થી ઈ.ચા શહેરી વિકાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તથા વેસ્ટ ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૭ તા.૨૬–૯–૦૮ થી માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પ્રત્યુત્તર મળેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી દિન–૩૦ માં અરજી બાબતે કોઈ નિર્ણય કે સુચનાપત્ર મળેલ નહી હોવાનું જણાવેલ છે. જયારે મુળ અરજીના મુદ્દા નં.૬ અને ૭ બાબતે રાંદેર ઝોન તરફથી આ.નં.૧૩૫૫ તા.૬–૮–૦૮ થી શહેરી વિકાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગેની નિયત દસ્તાવેજ ફી ભરવા પત્ર નં.ટીડીઓ/૧૮૯૮ તા.૧૪–૮–૦૮ થી અરજદારને મોકલ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે. જે સંદર્ભે અરજદારે નહીં મળેલ માહિતી અંગે પૂરી પાડવા માંગણી કરેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેસ્ટ ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૭ તા.૨૬–૯–૦૮ થી અરજદારને પાઠવેલ નકલ જે સહી વિનાની જણાય છે તે ઉપર વિના મૂલ્યે માહિતી આપવા અંગે રીમાર્કસ કરેલ છે. તેમજ મુળ અરજી ઉપર અરજદારે તમામ માહિતી મળી ગઈ છે અને સંતોષકારક જવાબ મળેલ છે તેવી નોંધ તા.૨૩–૯–૦૮ ના રોજ અરજદારે કર્યાનું જણાય છે. પરંતુ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દિન–૩૦ ની નિયત સમય અવધિમાં અરજદારને ફી ભરવા પત્ર મળ્યાના આધાર રજૂ કરેલ નથી. તથા જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી અધિકૃત રીતે માહિતી પહોંચાડયાની વિગતો અત્રે મોકલેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન કક્ષાએથી મુદ્દા નં.૧ થી ૫ ની પૂરી પાડયા અંગેની અરજદારનું લખાણ મોકલેલ છે. પરંતુ અધિકુત રીતે અત્રે સૂચિત કરેલ ન હોઈ માહિતી અરજદારને આપ્યાની ખરાઈ કરી વિગતો અત્રે મોકલવા તેમજ અરજદારને માહિતી મોકલેલ ન હોય તો દિન–૭ માં વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તેમજ મુદ્દા નં.૬ અને ૭ અંગે નિયત સમય અવધિ બાદ ફી ભરવા જણાવતો પત્ર હોઈ દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે.

પગલાં ભરવાની બાબત આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ આયોગની સત્તા મર્યાદામાં હોઈ અત્રેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, .... જાણ તથા અમલ માટે

(૨) શ્રી સેક્રેટરી/જોઈન્ટ સેક્રેટરી મહેરનગર કો.ઓ.હા. સર્વિસ સોસા.,